# पुना International School
Shree Swaminarayan Gurukul, Zundal

| PERIODIC ASSIGNMENT -1 2021-22 |
|---|
| ધોરણ- 5 વિષય – ગુજરાતી |
| Syllabus – CH-1,2,3, FROM TEXTBOOK |

## [READING SECTION ] વાંચનકાર્ય

### પ્ર- 1 નીચેનો ફકરો વાંચો અને સુંદર અક્ષરે લખો. ( કોઈ પણ ફકરો આવી શકે છે.)

<u>ફકરો- 1</u>

સારા પુસ્તક જેવો કોઇ મિત્ર નથી. તે આપણને સાચું માર્ગદર્શન આપે છે. તે આપણને સારા કામો કરવાનું પ્રોત્સાહન આપે છે. સારાં પુસ્તકો આપણને સુખદુ:ખમાં સમભાવથી રહેવાનું બળ આપે છે. મહાપુરુષોનાં જીવનચરીત્રો વાંચવાથી આપણને વિપત્તિમાં પણ શાંતિ અને ધીરજ જાળવી રાખવાની પ્રેરણા મળે છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં હિંમત, બહાદુરી, દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાય છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં સારું – નરસું, સાચું – ખોટું પારખવાની આપણી શક્તિ ખીલે છે.

<u>ફકરો- 2</u>

પુસ્તકો જાળવવાં આપણી ફરજ છે. પુસ્તકોને પૂંઠા ચડાવવાં જોઇએ. તેની ઉપર નામ, વિષય, ધોરણ, વર્ગ વગેરે લખવા જોઇએ. પુસ્તકોની અંદર લીટા કરીને કે ચિત્રો પર પેનથી ચીતરામણ કરીને પુસ્તકો બગાડવા ન જોઇએ. વળી પુસ્તકોનાં પાનાંની કિનારીઓ વળી ન જાય તેની પણ કાળજી રાખવી જોઇએ. પુસ્તકો દફતરમાં કે કબાટમાં વ્યવસ્થિત ગોઠવીને મૂકવાં જોઇએ. અભ્યાસનાં પુસ્તકો એ આપણી વિદ્યા કહેવાય. પુસ્તકોનું ધ્યાન રાખીએ તો જ આપણે સાચા વિદ્યાર્થી કહેવાઇએ.

# [WRITING SECTION] લેખનકાર્ય

## પ્ર-2 નીચેની ખાલી જગ્યામાં સ્વર અને વ્યંજન લખો.

સ્વર - અ આ ઇ ઈ ઉ ઊ ઋ એ ઐ ઓ ઔ
અં અ:

વ્યંજન- ક ખ ગ ઘ ચ છ જ ઝ ટ ઠ ડ
ઢ ણ ત થ દ ધ ન પ ફ બ ભ
મ ય ર લ વ શ સ ષ હ ળ ક્ષ
ત્ર જ્ઞ

# [GRAMMAR SECTION] વ્યાકરણ

## પ્ર-3 નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

1) વનરાજ - સિંહને વનરાજ પણ કહેવાય છે.
2) પંજો - સિંહે ઉંદર સામે પંજો ઉગામ્યો.
3) મદદ - ઉંદરે સિંહને મદદ કરી.
4) ઊંઘ - સિંહ શાંતિથી ઊંઘતો હતો.
5) જંગલ - જંગલમાં મોટા-મોટા ઝાડ હોય છે.

## પ્ર-4 નીચેના શબ્દોમાં ખૂટતો અક્ષર કૌંસમાંથી પસંદ કરીને લખો.

1) શરીર ( ડી, રી, ટી ) 2) ઉંદર ( ડ, ર, દ )

3) ઉપકાર ( ચ, ઉ, મ ) 4) જંગલ ( ળ, લ, ર )

## પ્ર-5 નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સવાર | = | પરોઢ | 2) | સૂરજ | = | સૂર્ય |
| 3) | દુનિયા | = | વિશ્વ | 4) | નીંદર | = | ઊંઘ |
| 5) | આકાશ | = | નભ | | | | |

## પ્ર-6 નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | મોટી ફાંદવાળા | = | દુંદાળા |
| 2) | કોઈપણ વસ્તુ કે વ્યક્તિની આસપાસ ફરવું તે | = | પ્રદક્ષિણા |
| 3) | પવિત્ર ધર્મસ્થાનની શ્રધ્ધાપૂર્વક યાત્રા કરવી તે | = | તીર્થયાત્રા |
| 4) | સિંહની આકૃતિવાળું આસન | = | સિંહાસન |

## પ્ર- 7 નીચેના શબ્દોંને 'નાર' લગાવીને શબ્દજોડી બનાવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | દોડવું | - | દોડનાર | 2) | ગાવું | - | ગાનાર |
| 3) | ખાવું | - | ખાનાર | 4) | પૂછવું | - | પૂછનાર |

## પ્ર-8 નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

1) ગાન સાથ આધાર પંખી દુનિયા

જ) આધાર, ગાન, દુનિયા, પંખી, સાથ.

# [LITERATURE SECTION] સાહિત્ય

## પ્ર-9 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) સિંહ ક્યાં રહેતો હતો?

જ) સિંહ જંગલમાં રહેતો હતો.

2) સિંહનાં શરીર ઉપર કોણ દોડાદોડી કરતો હતો?

જ) સિંહના શરીર ઉપર ઉંદર દોડાદોડી કરતો હતો.

3) સિંહની ઉંઘ શાથી બગડી?

જ) ઉંદર સિંહનાં શરીર ઉપર દોડાદોડી કરતો હતો તેથી સિંહની ઉંઘ બગડી.

4) ઉંઘ બગડવાથી સિંહે શું કર્યું?

જ) ઉંઘ બગડવાથી સિંહે ઉંદર ઉપર પંજો માર્યો.

5) ઉંદરે કોની માફી માંગી?

જ) ઉંદરે સિંહની માફી માંગી.

6 ) પંખી ક્યારે જાગે છે?

જ) પંખી વહેલી સવારે જાગે છે.

7 ) પરોઢિયે પંખી કોના મીઠા ગાન ગાય છે?

જ) પરોઢિયે પંખી ભગવાનના મીઠા ગાન ગાય છે.

8 ) ઈશ્વર ક્યાં – ક્યાં છે?

જ) ઈશ્વર ધરતીમાં, આકાશમાં, સાગરમાં, ચાંદામાં, સુરજમાં અને ફૂલોમાં છે.

9 ) આપણાં સૌનો રક્ષણહાર કોણ છે?

જ) આપણાં સૌનો રક્ષણહાર ભગવાન છે.

10 ) ઈશ્વર શામાં હસે છે?

જ) ઈશ્વર ફૂલોમાં હસે છે.

11 ) કાર્તિકેય અને ગણેશ કોના દીકરા હતા?

જ) કાર્તિકેય અને ગણેશ માતા પાર્વતી અને પિતા શંકર ભગવાનના દીકરા હતા.

12) કાર્તિકેય કોના જેવી ઝડપે દોડતા હતા?

જ) કાર્તિકેય હરણ જેવી ઝડપે દોડતા હતા.

13) ગણેશજીએ અડસઠ તીર્થ કોને માન્યા?

જ) ગણેશજીએ અડસઠ તીર્થ પોતાના માતા – પિતાને માન્યા.